# વર્ષાઋતુ નિબંધ ગુજરાતી ધોરણ 4, 5, 6

આપણાં દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓનો અનુભવ થાય છે. શિયાળો , ઉનાળો અને ચોમાસું. શિયાળામાં ઠંડી પડે છે. ઊનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદ પડે છે. વર્ષા આપતી ઋતુ એટલે વર્ષાઋતુ. વર્ષાઋતુને ઋતુઓની રાણી કહે છે.

અષાઢ માસથી વર્ષાઋતુની શરૂઆત થાય છે. આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાઈ જાય છે. વાદળોનો ગડગડાટ થાય છે. વીજળી ચમકારા કરે છે. ઠંડો ઠંડો પવન ફૂંકાય છે. અને વરસાદ વરસે છે. વરસાદ પડતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરાઈ જાય છે. સહુને આનંદ આનંદ થઈ જાય છે.

વરસાદ પડતાં જ ખેડૂતો ખુશ થઈ જાય છે. તેઓ ખેતરે જાય છે. અને વાવણી કરે છે. વર્ષાઋતુમાં ખેતરો પાકથી લીલાછમ બની જાય છે. ધરતી પર લીલું લીલું ઘાસ ઊગે છે. ધરતી માતાએ જાણે કે લીલી સાડી પહેરી હોય તેવું લાગે છે. વર્ષાઋતુમાં મોર ખુશ થઈને ટહુકા કરે છે. મોર કળા કરીને નાચે છે. દેડકા “ડ્રાઉં, ડ્રાઉં કરે છે.

વરસાદ પડતાં નદી , નાળાં, તળાવ છલકાઈ જાય છે. નદીઓમાં પૂર આવે છે. ઘણીવાર વધુ વરસાદ પડતાં નદીઓના પાણી આજુબાજુના ગામોમાં ફરી વળે છે. અને લોકોનાં જાનમાલને નુકસાન થાય છે. વર્ષાઋતુ બાળકોની પ્રિય ઋતુ છે.

બાળકો વરસતા વરસાદમાં ન્હાવા માટે નીકળી પડે છે. પાણીમાં છબછબિયાં કરવાની તેમને ખૂબ મઝા પડે છે. કાગળની હોડીઓ બનાવી તેઓ પાણીમાં તરતી મૂકે છે. બાળકો આનંદથી ગાય છે :

**આ પણ વાંચો:** [વિજ્ઞાન અને ટેકનોલોજી નિબંધ ગુજરાતી]

Visit Website : © PDFPunch.com